## -: આ શિક્ષણ સજ્જતા સર્વેક્ષણ કસોટી માટેની માર્ગદર્શક સૂચનાઓ :-

(૧) આ કસોટી તા.૨૮/૪/૨૦૧૨ ના રોજ ૧૨=૦૦ કલાકે યોજવામા આવશે. જેમા બે પ્રશ્નપત્ર રહેશે.

(૨) પરીક્ષા આપવી દરેક શિક્ષક માટે ફરજીયાત છે. માંદગી કે અન્ય ખાસ કારણ હોય તો શાળાના આચાર્યના ભલામણપત્ર સાથે અત્રેની કચેરીએથી જિલ્લા શિક્ષણાધિકારી,શ્રી પાસે જરૂરી આધારો દર્શાવી આગોતરી તા. ૨૫/૪/૨૦૧૨ ના રોજ રજા મંજૂર કરાવી લેવાની રહેશે.

(૩) પ્રથમ પ્રશ્નપત્ર :- સામાન્ય ક્ષમતા અને શિક્ષણ શાસ્ત્ર : સમય ૧૨=૦૦ થી ૧૩=૩૦ સુધી
બીજુ પ્રશ્નપત્ર :- શિક્ષકશ્રીએ પસંદ કરેલ વિષય : સમય ૧૪=૩૦ થી ૧૬=૦૦ સુધી
( જે તે વિષયનુ પ્રશ્ન પત્ર )

(૪) પરીક્ષા **O.M.R. Sheet** પધ્ધતિ પ્રમાણે લેવામા આવશે.

(૫) બ્લોકદીઠ ૩૦ ની સંખ્યામા બેઠક વ્યવસ્થા ગોઠવવામા આવશે.

(૬) પરીક્ષાર્થી શિક્ષકોના વિષયો પ્રમાણેના સાત ડીઝીટમા બેઠક નંબરો અત્રેની કચેરીએથી જે તે એસ.વી.એસ. શાળાને મોકલી આપવામા આવેલ છે.

(૭) દરેક શાળાના આચાર્યશ્રીએ તેમની શાળાના જે તે વિષય શિક્ષકોના સાત ડીઝીટમા બેઠક નંબરો( એસ.વી.એસ. શાળામા માહિતી આપ્યા મુજબ ) તેમના એસ.વી.એસ.ના કન્વીનરશ્રી પાસેથી તા.૨૦/૪/૨૦૧૨ સુધીમા મેળવી લેવાના રહેશે.

(૮) પરીક્ષા ખંડમા હાજરી પત્રકમા વિગતો અંગ્રેજી કેપીટલ અક્ષરમા લખવાના રહેશે.

(૯) આ પરીક્ષાનુ પરિણામ ગોપનીય રાખવાનુ છે. માટે પરીક્ષાર્થી શિક્ષકે ચિંતા કરવી નહી.

(૧૦) **O.M.R. Sheet** મા બેઠક નંબર , વિષય વગેરે વિગતો સ્પષ્ટ અક્ષરે સંપૂર્ણ ભરવી

(૧૧) આ દિવસે શાળામા રજા રાખવાની રહેશે.

(૧૨) પ્રશ્નપત્રમા બહુ વૈકલ્પિક પ્રશ્નો હશે. અને તેના સાચા જવાબ **O.M.R.Sheet** મા વર્તુળ ઘટ્ટ કરીને આપવાના રહેશે.**Blue** અથવા **Black** પેનનો ઉપયોગ કરવાનો રહેશે.

(૧૩) ગણિત / વિજ્ઞાન અને સામાજીક વિજ્ઞાનમા ગુજરાતી / હિન્દી/ અંગ્રેજી માધ્યમના પ્રશ્નપત્રો આપવામા આવશે.

(૧૪) દરેક પરીક્ષાર્થી શિક્ષકોએ **O.M.R.Sheet** ઉત્તરપત્ર મા સાત ડીઝીટમા બેઠક નંબર લખવાનો રહેશે.

(૧૫) પરીક્ષાને લગતા કોઇ પ્રશ્નો હોય તો શાળાના આચાર્ય મારફત , સંકુલના કન્વીનરશ્રી મારફત અત્રેની કચેરીને આધાર – પુરાવા સાથે અગાઉથી લેખિતમા જણાવવુ જોઇશે.

(૧૬) પરીક્ષા ખંડમા કોઇપણ સાહિત્ય , મોબાઇલ ફોન રાખવાની મનાઇ છે.

દરેક શાળાના આચાર્યશ્રીએ તેમની શાળાના ધો. ૯ , ૧૦ ના જણાવેલ વિષય શિક્ષકોને એસ.વી.એસ.માથી બેઠક નંબર મેળવી તેમની શાળાના શિક્ષકોને પહોંચ લઇ બેઠક નંબર લેખિતમા અગાઉથી આપવાનો રહેશે. ગે.હા. શિક્ષકો સામે નિયમાધિન કાર્યવાહી કરવી.
બેઠક નંબર મેળવવાની જવાબદારી જે તે શાળાનાં આચાર્યની રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત. જિ. સુરત

પ્રતિ,
કન્વીનરશ્રી, શાળા વિકાસ સંકુલ – ૧ થી ૯ તરફ ...

૨/- અત્રેની કચેરીએથી આપના સંકુલની શાળાઓના શિક્ષકો માટે બેઠક નંબરો ફાળવી આપેલ છે તે પૈકી આપના એસ.વી.એસ.ની શાળાઓને તેમની શાળાના વિષય વાઇઝ શિક્ષકોના બેઠક નંબરો તા.૨૦/૪/૨૦૧૨ સુધીમા લેખિતમા ફાળવી આપવાના રહેશે. બેઠક નંબર ફાળવવામાં ચોકસાઈ રાખવાની રહેશે.